For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**બે દાયકા બાદ હવે તંત્ર જાગ્યું પણ કામગીરી ક્યારે?**

# ખાડીપૂરના કાયમી ઉકેલ માટે 500 કરોડના ડીપીઆર તૈયાર કરાશે

**શહેરી** વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થેન્નારસનની ખાડી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત

**થેન્નારસને** બાદમાં અધિકારીઓ અને તજજ્ઞો સાથે બેઠક કરી ડીપીઆર માટેના હુકમો કર્યા

સુરત : શહેરમાં ખાડીપૂરની સ્થિતિ હવે ધીમે ધીમે સામાન્ય બની રહી છે. જોકે છેલ્લા કેટલાય વર્ષોથી દર ચોમાસામાં સર્જાતી ખાડીપૂરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે રાજ્ય સરકાર સક્રિય બની છે. મુખ્યમંત્રી દ્વારા ખાડીપૂર નિવારણ માટે 500 કરોડની વિશેષ સહાયની જાહેરાત બાદ સરકારે આયોજનને અમલમાં મૂકવાની પ્રક્રિયા ઝડપી બનાવી છે. તેના ભાગરૂપે રાજ્યના શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થૈન્નારાશન શનિવારે સુરતની મુલાકાતે આવી સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

મનપા કમિશનર નાગરાજનની હાજરીમાં પ્રિન્સિપલ સેક્રેટરીએ બમરોલી, પરવટ-ગોડાદરા, ડિંડોલી અને ઉધના સહિતના ખાડીપૂરથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈ સ્થળ પરની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) ખાતે મેયર, જિલ્લા કલેક્ટર, સ્થાયી સમિતિના અધ્યક્ષ અને મનપાના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠકમાં પ્રિ-મોન્સૂન કામગીરીની સમીક્ષા, ગત સોમ-મંગળવારે પડેલા ભારે વરસાદની અસર, વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ, હાઈ ફ્લડ લેવલ (HFL) સહિતની વિગતો રજૂ કરવામાં આવી હતી. રાજકીય પ્રતિનિધિઓ પાસેથી પણ ખાડીપૂર નિવારણ માટેના સૂચનો લેવામાં આવ્યા હતા.

ત્યારબાદ સિંચાઈ વિભાગ, મનપા, એસવીએનઆઈટી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની (GUDC), વાપ્કોસ ઈન્ડિયા અને અન્ય કન્સલ્ટન્ટ એજન્સીઓના નિષ્ણાતો સાથે સંયુક્ત બેઠક યોજાઈ હતી. તેમાં ગત વર્ષના સર્વે, હાઈડ્રોલોજિકલ ડેટા અને વિવિધ અભ્યાસના આધારે તૈયાર કરાયેલા પ્રાથમિક અહેવાલની રજૂઆત કરવામાં આવી હતી.પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થૈન્નારાશને જણાવ્યું હતું કે, સુરતને દર વર્ષે ખાડીપૂરની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવવા લાંબા અને ટૂંકા ગાળાના બંને પ્રકારના ઉપાયોનું અસરકારક આયોજન જરૂરી છે. તમામ નિષ્ણાતોના સૂચનો અને અભિપ્રાયોનું સંકલન કરીને તાત્કાલિક ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં મનપા દ્વારા કન્સલ્ટન્ટની નિમણૂક કરીને ડીપીઆરની કામગીરી શરૂ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું

...અનુસંધાન પાના 11 પર






(તસવીર : સતીષ જાદવ)

# વરસાદમાં ધોવાણથી મોટા વરાછામાં તાપી કિનારે ત્રણ સ્થળે પાળો તૂટ્યો

**કાયમી** સંરક્ષણ પાળાના અભાવે સતત થઈ રહેલા ધોવાણથી જોખમી સ્થિતિ, ફૂટપાથ પણ ધસી ગઈ

**એક** વર્ષથી મનપા સિંચાઈ વિભાગને વારંવાર પત્ર લખી તાપી કિનારે પાળો બનાવવા માટે રજૂઆત કરી રહી હતી

**સરથાણા ઝોનમાંથી દરખાસ્ત કરી તાકીદે રિપેરિંગ ચાલુ કરી દેવાયું**

મોટા વરાછામાં તાપી નદીના કિનારે પાળા તૂટવાની ઘટનામાં સિંચાઈ વિભાગ દ્વારા કામગીરી કરવામાં નહીં આવતાં શહેરીજનોની સલામતીને ધ્યાને રાખી મનપા દ્વારા સરથાણા ઝોનમાંથી દરખાસ્ત કરાવી સરકારી ગ્રાન્ટ માંગવામાં આવી છે. એટલુ જ નહી હાલ તુરંત કામ ચાલુ કરી દેવાયું હોવાનું પણ મનપાના સુત્રોએ જણાવ્યું છે.

**પાળો તૂટવા મુદ્દે નદી કાંઠે બિલ્ડિંગ્સને મંજૂરી આપનારાઓ જવાબદાર**

આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણે તાપી નદી કાંઠે પાળાનું ધોવાણ અને નદીકિનારે ઊભા થઈ રહેલા બહુમાળી બાંધકામોના મુદ્દે ભાજપ સરકાર અને સ્થાનિક નેતાઓ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે દાવો કર્યો કે, નદી કાંઠે ગેરકાયદેસર રીતે ઊંચી ઇમારતોને મંજૂરી આપવા માટે મોટા વહીવટો થયા છે અને તેમાં ભાજપના કેટલાક નેતાઓ સંકળાયેલા છે. રાજ્ય સરકારના નિયમો મુજબ નદી કિનારાથી 150 મીટરની હદમાં ચાર માળથી વધુ ઊંચી ઇમારતોને મંજૂરી આપી શકાય નહીં, છતાં અનેક બહુમાળી બિલ્ડિંગો ઉભી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

સુરત : તાજેતરના ખાડીપૂર બાદ સરકારી વિભાગો વચ્ચેના સંકલનના અભાવની ચર્ચા હજુ શમી નથી, ત્યાં હવે તાપી નદી કિનારે પાળો ધસી પડવાની ઘટનાએ વધુ એક ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે. મોટા વરાછા વિસ્તારમાં સિંચાઈ વિભાગ દ્વારા કાયમી સંરક્ષણ પાળો બનાવવામાં ન આવતા ત્રણ સ્થળે પાળો ધસી પડ્યો છે. આ સ્થળેથી આશરે 50 મીટરના અંતરે હાઈરાઈઝ રહેણાક પ્રોજેક્ટનું નિર્માણ ચાલી રહ્યું હોવાથી હજારો લોકોના જીવ અને કરોડો રૂપિયાની મિલકત જોખમમાં મુકાઈ હોવાની ચિંતા વ્યક્ત થઈ રહી છે.

સુરત મહાનગરપાલિકા છેલ્લા એક વર્ષથી સિંચાઈ વિભાગને વારંવાર પત્ર લખીને તાપી કિનારે કાયમી સંરક્ષણ પાળો બનાવવા રજૂઆત કરી રહી છે. ગત વર્ષે પાળો તૂટવાની ઘટના બાદ પણ વરાછા ઝોન અને મ્યુનિસિપલ કમિશનરે લેખિત રજૂઆતો કરી હતી. તાજેતરમાં ફરી ત્રણ સ્થળે પાળો ધસી પડતાં વધુ એક વખત તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. તેમ છતાં સિંચાઈ વિભાગ તરફથી કોઈ નક્કર કાર્યવાહી કે કામગીરી શરૂ કરવામાં આવી નથી. તાજેતરના ભારે વરસાદ બાદ તાપી નદીમાં પાણીનો પ્રવાહ વધતાં કામચલાઉ પાળો ધસી પડ્યો હતો અને તેની સાથે કિનારે બનાવવામાં આવેલો ફૂટપાથનો મોટો ભાગ પણ નદીમાં સમાઈ ગયો હતો.

સતત ધોવાણને કારણે સમગ્ર વિસ્તાર જોખમી બની ગયો છે. જો આગામી દિવસોમાં વધુ વરસાદ

...અનુસંધાન પાના 11 પર

# આગામી સપ્તાહે સુરત જિલ્લામાં ફરી સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી

**હાલ** કોઈ મજબૂત સિસ્ટમ સક્રિય નહીં, અતિભારે વરસાદની શક્યતા ઓછી છે

સુરતઃ સુરત શહેરમાં મંગળવારે હવામાનમાં સામાન્ય ફેરફાર જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં આશરે એક ડિગ્રીનો ઘટાડો નોંધાતા તે 32.4 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું, જેના કારણે લોકોને ગરમીમાં થોડી રાહત અનુભવાઈ હતી. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં આશરે એક ડિગ્રીનો વધારો નોંધાતા તે 28.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

હવામાનના અન્ય પરિબળોની વાત કરીએ તો શહેરમાં હવામાં 79 ટકા ભેજ નોંધાઈ હતી, જેના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહ્યું હતું. તેમજ દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 12 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થયો હતો. આ દરમિયાન હવામાન વિભાગે આગામી દિવસોના વરસાદ અંગે મહત્વની આગાહી જાહેર કરી છે. વિભાગના જણાવ્યા મુજબ હાલમાં રાજ્ય અથવા દક્ષિણ ગુજરાત પર કોઈ મજબૂત હવામાન પ્રણાલી (સિસ્ટમ) સક્રિય નથી. પરિણામે આગામી દિવસોમાં અતિભારે વરસાદ પડવાની શક્યતા ખૂબ ઓછી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી સાત દિવસ દરમિયાન સુરત સહિત દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદ નોંધાઈ

...અનુસંધાન પાના 11 પર

**ઉત્રાણ ગરનાળાના સ્થળ નિરીક્ષણમાં પ્રોટોકોલનો ભંગ**

# નિરીક્ષણ માટે સાંસદ પહોંચી ગયા પણ રેલવેના અધિકારીઓ ફરક્યા જ નહીં!

**રેલવેના** અધિકારીઓ સાંસદ મુકેશ દલાલને પણ ગાંઠતા નથી, સાંસદે રેલવે મંત્રીને પત્ર લખી તપાસની માંગ કરી

**પ્રોટોકોલ** નહીં જાળવવાની સાથે વહીવટી બેદરકારી બદલ કડક કાર્યવાહી કરવા પણ રજૂઆત

સુરતઃ સુરત લોકસભાના સાંસદ મુકેશભાઈ દલાલે આજરોજ ઉતરાણ રેલવે સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવેલા ઉતરાણ રેલવે ગરનાળા

...અનુસંધાન પાના 11 પર



**ગરનાળા વિસ્તારમાં પાકા રસ્તાના નિર્માણ માટે રજૂઆત કરાશે**

સુરત લોકસભા બેઠક હેઠળ આવેલા ઉતરાણ રેલવે ગરનાળા વિસ્તારની ખાડી પર પુરાણ કરી તેના ઉપર ડ્રેનેજ લાઈન નાખવા તેમજ સ્થાનિક નાગરિકોની સુવિધા માટે પાકા રસ્તાનું નિર્માણ કરવા જરૂરી રેલવે મંજૂરી મેળવવા બાબતે આજે સ્થળ પર સંયુક્ત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ કોર્પોરેટરો, સંગઠનના હોદ્દેદારો, ભારતીય રેલવેના અધિકારીઓ તેમજ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્થળ પર પ્રસ્તાવિત કામગીરી અંગે વિસ્તૃત

...અનુસંધાન પાના 11 પર

# એક કે બે નહીં ત્રણ-ત્રણ પોલીસકર્મી એકસાથે લાંચ લેતા રંગેહાથ પકડાયા

**અંકલેશ્વરમાં** ત્રણેય પોલીસકર્મીએ બુટલેગરનો ફોન પરત આપવા 3 લાખની લાંચ માંગી હતી

**બાદ** ત્રણ હપ્તામાં પૈસા આપવાનું નક્કી કરાયું હતું, બુટલેગરે એસીબીમાં ફરિયાદ કરતાં ભેરવાયા



અંકલેશ્વરઃભરૂચ એન્ટી કરપ્શન બ્યુરોએ મંગળવારે અંકલેશ્વર અને પાનોલી પોલીસ સ્ટેશન સાથે સંકળાયેલા ત્રણ પોલીસકર્મીને રૂ.1 લાખની લાંચ સ્વીકારતાં રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહી સફળ ટ્રેપ ગોઠવીને કરવામાં આવી હતી. ઝડપાયેલા પોલીસકર્મીઓમાં આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ અનિરુદ્ધ ધાધલ, લોકરક્ષક પોલીસ કોન્સ્ટેબલ સાગર ચાવડા અને આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ પરમારનો સમાવેશ થાય છે.

આ મામલામાં ફરિયાદી વિરુદ્ધ પાનોલી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જામીન પર મુક્ત થયા બાદ ફરિયાદી પોતાનો મોબાઇલ ફોન પરત લેવા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તે સમયે આરોપીઓએ મોબાઇલ પરત આપવા બદલ રૂ.3 લાખની લાંચની માંગણી કરી હતી. ફરિયાદીએ આટલી મોટી રકમ એકસાથે

...અનુસંધાન પાના 11 પર

# સુમુલ ડેરીમાં આજે ચૂંટણી, ભાજપ-કોંગ્રેસ અને બળવાખોરો વચ્ચે જંગ

**16માંથી** 7 બેઠકો ભાજપે બિનહરીફ જીતતા બોર્ડ પર સત્તા નિશ્ચિત, હવે 710 મતદાર 9 બેઠકનું ભવિષ્ય નક્કી કરશે

**વ્યારા**, મહુવા, ઓલપાડ, મહુવા અને કુકરમુંડા બેઠકો પર ભાજપના બળવાખોર ઉમેદવારોને લીધે ચૂંટણી રોચક બની

સુરતઃ ધી સુરત અને તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી (સુમુલ ડેરી)ની ચૂંટણીમાં આજે (15 જુલાઈ) 9 બેઠકો માટે મતદાન યોજાશે. કુલ 16 બેઠકોમાંથી 7 બેઠકો પર ભાજપ પ્રેરિત ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતા તેમજ 3 સરકાર નિયુક્ત સભ્યોને ધ્યાનમાં લેતા ભાજપે ચૂંટણી પૂર્ણ થાય તે પહેલાં જ બોર્ડ પર પોતાની સત્તા નિશ્ચિત કરી દીધી છે. જોકે બાકીની 9 બેઠકો પર ભાજપ

...અનુસંધાન પાના 11 પર

**કઈ બેઠક પર કોણ કોની સામે?**

(1) **ઓલપાડઃ** ભાજપના સત્તાવાર ઉમેદવાર ધનસુખ પટેલ સામે જયેશ દેલાડ સમર્થક બળવાખોર ઉમેદવાર વસંત પટેલ મેદાનમાં

(2) **મહુવા :** ભાજપના સત્તાવાર ઉમેદવાર જીગર નાયક સામે ધનંજય પટેલે બળવો કરી ઉમેદવારી નોંધાવી છે,ગત ચૂંટણીમાં સારો દેખાવ કરનાર કોંગ્રેસના ઉમેદવાર દિનેશ ખંડુ પટેલ અને અપક્ષ ગુણવંત વહિયા પણ મેદાનમાં છે.

(3) **વ્યારાઃ** ભાજપના સત્તાવાર ઉમેદવાર હસમુખ ગામિત સામે કોંગ્રેસના આ બેઠકના સીટિંગ ડિરેક્ટર સિદ્ધાર્થ ચૌધરી ફરી મેદાનમાં છે.

(4) **ડોલવણ :** ભાજપના સત્તાવાર ઉમેદવાર શૈલેષ પટેલ સામે ભાજપના બળવાખોર વિજય માવજી ચૌધરી કોંગ્રેસના સમર્થન સાથે મેદાનમાં છે.

(5) **નિઝરઃ** કોંગ્રેસના સિટિંગ ડિરેક્ટર ભરત સુદામ પટેલ ફરી ચૂંટણી લડી રહ્યાં છે.ભાજપે અહીં યોગેશ રાજપૂતને સત્તાવાર ઉમેદવાર બનાવ્યા છે.

(6) **કૂકરમુંડા :** ભાજપના સીટીંગ

...અનુસંધાન પાના 11 પર

**આ મતદાન મથકોમાં આજે મતદાન થશે**

(1) ઓલપાડ /બેન્ક્વેટ હોલ, સુમુલ ડેરી કેમ્પસ, સુરત
(2) માંડવી /એ.પી.એમ.સી. માંડવી, તા. માંડવી
(3) મહુવા /વાંસકુઈ વાળકેશ્વરી-પાડી ઉત્પન્ન કેન્દ્ર, મુ.પો. વાંસકુઈ, તા. આંબિકા (મહુવા)
(4) ઉમરપાડા/ APMC કડોદા, તા. ઉમરપાડા
(5) નિઝર/ નિઝર શીત કેન્દ્ર, મુ.પો. નિઝર
(6) કુકરમુંડા/ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC), મુ.પો. કુકરમુંડા
(7) વ્યારા / વિવિધલક્ષી દક્ષિણાપથ વિદ્યાલય, મુ.પો. વ્યારા
(8) સોનગઢ / સિનિયર સિટિઝન હોલ, મુ.પો. સોનગઢ
(9) ડોલવણ/ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC), ડોલવણ

# ખુદ વકીલે અસીલની પુત્રીને ઘરકામની લાલચ આપી બળાત્કાર ગુજાર્યો

**ડિંડોલીમાં** રહેતા વકીલ પ્રણયરાજ રણવીરે અસીલની સગીર પુત્રીને અગાઉના કેસમાં નુકસાન કરવાની ધમકી પણ આપી

**પોલીસે** ગુનો નોંધી બળાત્કારી વકીલ પ્રણયરાજની ધરપકડ કરી, પ્રણયરાજ પર અગાઉ પણ ગુના નોંધાયેલા છે

**પકડાયેલો વકીલ રીઢો ગુનેગાર છે, અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે**

પોલીસ તપાસમાં એવો પણ ચોંકાવનારો ખુલાસો થયો છે કે પકડાયેલ વકીલ રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ અમદાવાદ (બાવળા, ચાંદખેડા), ઓલપાડ, ડીંડોલી અને સલાબતપુરા પોલીસ મથકોમાં દહેજ ઉત્પીડન, પ્રોહિબિશન, હુમલો, સરકારી કર્મચારી પર હુમલો અને પબ્લિક પ્રોપર્ટી ડેમેજ એક્ટ સહિતના ૬ ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

સુરતઃ વકીલ આલમને લાંછન લગાડે તેવી એક ઘટના બહાર આવી છે. પોતાની જ અસીલની સાડા તેર વર્ષની સગીર દીકરીને ઘરકામની નોકરી આપવાની લાલચ આપી તથા અગાઉના કેસમાં નુકશાન પહોંચાડવાની ધમકી આપી વકીલે બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ સચીન જીઆઈડીસી પોલીસમાં નોંધાઈ હતી. પોલીસે આરોપી વકીલની ધરપકડ કરી હતી.

ઘટનાની વિગત એવી છે કે, ભોગ બનનાર સગીરાનું વર્ષ ૨૦૨૫માં અપહરણ થયું હતું, જેમાં સુરતની કોર્ટમાં કેસ લડવા માટે સગીરાના પિતાએ વકીલ પ્રણયરાજ ગોવિંદભાઈ રણવીર (ઉ.વ.૪૩, રહે.

...અનુસંધાન પાના 11 પર

# વફાદાર શ્વાને દીપડા સામે જંગ ખેલી ત્રણ શ્રમજીવીઓના જીવ બચાવ્યા

**ચીખલીના** ધોડવણી ગામમાં શ્વાન યુવકોના જીવ બચાવી પોતે શહીદ થયો

ઘેજ : ચીખલી તાલુકાના ધોડવણી ગામના ડુંગળી ફળિયામાં આવેલ એક ચિકન હોટલ/ઢાબા પાસે રવિવારની વહેલી સવારે ત્રણથી સાડા ત્રણ વાગ્યાના અરસામાં એક ચોંકાવનારી ઘટના બની હતી. મારણની શોધમાં ભટકતો એક ખૂંખાર દીપડો ઢાબા પાસે આવી ચડ્યો હતો, જ્યાં ત્રણ શ્રમજીવીઓ સૂતા હતા. દીપડો આ શ્રમજીવીઓ પર હુમલો કરે તે પહેલાં જ ત્યાં બાંધેલો ઘરનો રક્ષક અને વફાદાર પાલતુ જર્મન શેફર્ડ શ્વાન 'નેક્ટર' મોત સામે દીવાલ બનીને ઊભો રહી ગયો હતો.

નેક્ટરે પોતાની જિંદગીની પરવા કર્યા વિના દીપડા સામે મોરચો માંડ્યો હતો. તેણે જોરજોરથી ભસીને દીપડાને આગળ વધતો અટકાવ્યો હતો. બંને વચ્ચે ખેલાયેલી આ મરણીયા જંગના અવાજથી શ્રમજીવીઓ જાગી ગયા હતા. શ્રમજીવીઓને બહાર આવેલા જોઈ દીપડો શ્વાનના મૃતદેહને મૂકીને અંધારામાં ભાગી છૂટ્યો હતો. આ લોહિયાળ લડાઈમાં મૂંગા પશુએ શ્રમજીવીઓનો જીવ તો બચાવી લીધો, પરંતુ પોતે જિંદગીની જંગ હારી ગયો.

ઢાબા પર કામ કરતા રવિભાઈ ચૌધરીએ જણાવ્યું કે, શ્વાન દીપડા સામે ન થયો હોત તો અમારો જીવ બચવો મુશ્કેલ હતો. આ ઘટનાને પગલે સમગ્ર ધોડવણી ગામમાં ભારે ફફડાટ ફેલાયો છે. ગામના સરપંચ દ્વારા જાણ કરાતા વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. અધિકારીઓએ દીપડાના પગના નિશાન મેળવી ડુંગળી ફળિયામાં પાંજરું ગોઠવ્યું છે. સ્થાનિકોના મતે આ વિસ્તારમાં અન્ય દીપડાઓની અવરજવર પણ જોવા મળી છે.

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| ૧૦×૨ | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**ભાવભીની શ્રધ્ધાજંલિ**



જીવન ક્ષણભંગુર છે, પરંતુ સ્નેહ, સંસ્કાર અને યાદો સદાય હૃદયમાં જીવંત રહે છે.
શ્રી આશિષભાઈ શાહના ધર્મપત્ની,
સ્વર્ગસ્થ શ્રીમતી નીપાબેન આશિષભાઈ શાહના અકાળે થયેલા અવસાનના સમાચારથી અમો સૌ અત્યંત દુઃખની લાગણી અનુભવીએ છીએ.
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ પ્રદાન કરે તથા શોકસંતપ્ત પરિવારજનોને આ અપૂરણીય ક્ષતિ સહન કરવાની શક્તિ આપે તેવી હાર્દિક પ્રાર્થના.

સ્વ. શ્રીમતી નીપાબેન આશિષભાઈ શાહ
સ્વ. તા. ૧૩.૦૭.૨૦૨૬

લિ. ટ્રસ્ટી મંડળ તથા મહેશભાઈ શાહ
પંકજ શાહ
શ્રી સત્તાવીસ પરગણા જૈન સમાજ

**દુઃખદ અવસાન / બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે મારો પુત્ર **સ્વ. હિરલ જયંતીભાઈ પટેલનું તા.૧૪-૭-૨૦૨૬** ને મંગળવારના રોજ દેવલોક પામ્યાં છે.

સદ્દગતનું બેસણું ૧૬-૭-૨૦૨૬ને ગુરુવારનાં રોજ ગામ- ભેંસાણ, શાંતિકુંજ હોલમાં સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે અવી પ્રભુને પ્રાર્થના

લિ.
લિ.જયંતિભાઈ દલપતભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

સ્વ. હિરલભાઈ
જયંતીભાઈ પટેલ
જન્મ તારીખ:- ૧૮/૧/૧૯૮૩
સ્વ. તારીખ:૧૪/૭/૨૦૨૬

**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



સ્વ. શ્રીમતી નીપાબેન આશિષભાઈ શાહ
સ્વ. તા. ૧૩.૦૭.૨૦૨૬

આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં જયારે તમારી ખાસ જરૂર હતી એવા સમયે જ તમારી અણધારી વસમી વિદાય અમારા જીવનમાં મોટો શૂન્યાવકાશ સર્જી ગઈ હરક્ષણે આપની યાદ આવતી જ રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

:: શોકાતુર પરિવાર ::
આશિષભાઈ શાહ
અનીષભાઈ શાહ – ડો.બીનાબેન શાહ
પાર્થ શાહ – ભવ્યા શાહ–ડો.જશ શાહ
મિવાન શાહ

FIRM : ORBIT DEVELOPERS (AMALSAD)
PARTH CONSTRUCTION (SURAT)